**DATE: 08/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### રામનવમીના દિવસથી પોલીસનો અભિગમ, ગુનાખોરી છોડી સારા માર્ગે ચાલવાની સમજ અપાઇ

# ઝઘડિયા જીઆઈડીસી પોલીસની શરતી જામીનના આરોપીઓને રામાયણની ભેટ

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા જીઆઈડીસી પોલીસની નવતર પહેલ-રામનવમીના શુભ અવસરે શરતી જામીનના આરોપીઓને રામાયણ ભેટ આપીને સારા માર્ગે ચાલવાની સમજ આપી નવો ચિલો ચિતર્યો છે. પીએસઆઈ પી.કે.રાઠોડે આ પ્રસંગે જણાવ્યું કે ઝઘડિયા પોલીસ સ્ટેશનના ગુના હેઠળ શરતી જામીનના આરોપી દેવીસિંગ વસાવા ( રહે. વીરવાડી), દાઉદ વસાવા ( રહે. વીરવાડી) તથા કમલેશ વસાવા ( રહે. વીરવાડી) હાલ શરતી જામીન પર મુક્ત થયાં છે. તેઓ હાજરી ભરાવવા તેમના નજીકના ઝઘડિયા જીઆઈડીસી પોલીસ સ્ટેશન ખાતે આવ્યાં હતાં. રામનવમીના પાવન અવસરે તેઓને રામાયણની ભેટ આપીને સારા માર્ગ પર ચાલવાની સમજ આપવામાં આવી હતી અને સારા કાર્યો કરવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી.ઉલ્લેખનીય છે કે આ આરોપીઓ જેલની સજા ભોગવ્યા બાદ શરતી જામીન પર છુટ્યા હતા,હવે પછીની બાકીની જીંદગી રામાયણના પઠન સાથે સારા રસ્તે વિતાવી શકે તે માટે આ ઉમદા કાર્ય કરાયું છે.ઉપરાંત પોલીસ મથકના સ્ટાફને પણ રામનવમીના પાવન દિવસે રામાયણની ભેટ આપવામાં આવી હતી.



ઝઘડિયા જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં આવેલાં આરોપીઓને રામાયણ આપવામાં આવી હતી.

**DATE: 08/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ગુનાખોરીના વધી રહેલાં બનાવો રોકવા જાહેરનામું

# ભરૂચ જિલ્લામાં ઘરઘાટીઓની નોંધણી કરાવવા તંત્રનું ફરમાન

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ઘરઘાટી, કામવાળી મહિલાઓ આંતકવાદી સંસ્થાઓને અગત્યની માહિતી ભેગી કરી પહોચાડવાનું કામ કરતાં હોય છે.મકાન માલીક ઘરઘાટી, કામવાળી મહિલાઓની જાણ પોલીસ વિભાગને ન કરતાં હોય કોગ્નીઝેબલ તેમજ મિલકત સંબંધી વિગેરે ગુનાઓ બને છે તેના મૂળ સુધી પહોંચતા આવા વ્યકિતને જાણ થતી હોય છે, પરંતુ મકાન માલીક પાસે ઘરઘાટી, કામવાળી મહિલાઓની વિગતો/માહિતી ન હોવાના કારણે ચોકક્સ આરોપી પકડી શકાતો નથી.

ભરૂચ જીલ્લામાં તમામ મકાન માલીકો પોતાને ત્યાં ઘરઘાટી અને કામવાળી મહિલાને કોના મારફતે કામે રાખેલ તે વ્યકિતનું માન્ય ઓળખપત્ર, રહેઠાણના પુરાવા વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ ઘરઘાટી અને કામવાળી મહિલાઓના નામ સરનામાની આ સાથે સામેલ ફોર્મ મુજબની માહિતી મકાન માલિકે પોતાની પાસે રાખવાની રહેશે તેમજ નજીકના પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાની રહેશે. સદરહું જાહેરનામાનો અમલ હુકમની તારીખથી દિન-60 સુધી રહેશે.

**DATE: 09/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

# અંકલેશ્વરમાં પોલીસકર્મીઓના સ્વાસ્થયની ચકાણસી કરવામાં આવી



**અંકલેશ્વર** | અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ મથક ખાતે હેલ્થ ચેકઅપ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું .લોક ભાગીદારી અને જોય હોસ્પિટલ ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ હેલ્થ ચેકઅપ કેમ્પમાં પોલીસ અધિકારીઓ અને તમામ પોલીસ કર્મચારીઓએ હેલ્થ ચેકઅપ કરાવ્યું હતું.આ મેડિકલ કેમ્પ પ્રસંગે પીઆઈ.પી.જી ચાવડા ,સહીત પીએસઆઈ અને પોલીસ કર્મચારીઓ હાજર રહયાં હતાં.

**DATE: 09/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### આરોપીઓની રાજ્યભરમાં 25થી વધારે તસ્કરીના બનાવોમાં સંડોવણી

# ઝઘડિયા અને અવિધામાં સિકલીગર ગેંગે ચોરી કરી હોવાનું ખુલ્યું 3 ઝબ્બે

## કાર સહિત 5.60 લાખનો મુદ્દામાલ જપ્ત : એલસીબીને સફળતા

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ભરૂચ એલસીબીએ ઝઘડિયા અને અવિધા ગામમાં થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલીને સિકલીગર ગેંગના 3 સાગરિતોને 5.60 લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડયાં છે. આરોપીઓ રાત્રિના સમયે કારની નંબર પ્લેટ કાઢીને ચોરી કરવા માટે નીકળતાં હોવાની વિગતો સામે આવી છે. ઝઘડિયા તાલુકામાં ચોરીના વધી રહેલાં બનાવોને ધ્યાને રાખી એલસીબીની ટીમ સક્રિય બની હતી. પીઆઇ એમ.એમ. રાઠોડ તથા પીએસઆઇ દિપસિંહ તુવરની ટીમને ચોરીમાં સિકલીગર ગેંગની સંડોવણી છે તેથી વોચ ગોઠવવામાં આવી હતી. આ ગેંગના સાગરિતો નંબર પ્લેટ વિનાની કારમાં સુરતથી ભરૂચ તરફ જતાં હોવાની માહિતી મળતાં અંકલેશ્વર રેલવે ફાટક પાસે કારને રોકીને ત્રણેયને ઝડપી લેવામાં આવ્યાં હતાં. તેમની પાસેથી 3 મોબાઇલ, સોનાચાંદીના દાગીના, વજન કાંટો, એક નંબર પ્લેટ અને કાર સહિત કુલ 5.60 લાખનો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો છે. ત્રણેય આરોપીઓ રીઢા તસ્કરો છે અને તેમની સામે વડોદરા, મહેસાણા, સાબરકાંઠા સહિત અનેક જિલ્લામાં ગુનાઓ નોંધાયેલાં છે. ત્રણેય આરોપીઓ સામે વિવિધ પોલીસ સ્ટેશનમાં 25 જેટલા ગુના નોંધાયેલી હોવાની વિગતો સામે આવી છે.



ઝઘડિયા તરખાટ મચાવનારી ટોળકી ઝડપાઇ છે.

## કાર લઈને નીકળતા પણ તે પહેલાં નંબર પ્લેટ કાઢી લેતા હતા

20 દિવસ પહેલા લખનસીંગ તથા તેના બનેવી શેરાસીંગ કાર લઇને અર્જુનસિંગના ઘરે આવ્યાં હતાં. જ્યાં તેમણે કારની નંબર પ્લેટ કાઢી લીધી હતી અને અવિધા ગામમાં ગયાં હતાં જ્યાં બંધ મકાનનો નકુચો તોડી અંદર પ્રવેશી ચોરી કરી હતી. ત્યાર બાદ સાંજે ફરીથી ઝઘડિયા ગયાં હતાં જ્યાં એક મકાનમાં ચોરી કરી હતી. ચોરીમાં આવતાં દાગીના અને પૈસાના તેઓ ત્રણ સરખા ભાગ કરીને વહેંચી લેતાં હતાં.

## ઝડપાયેલા આરોપીઓ

- લખનસીંગ સરદાર, રહે. વડનગર જિ.મહેસાણા
- અર્જુનસીંગ સિકલીગર, રહે. જીતાલી તા.અંકલેશ્વર
- શેરાસીંગ સિકલીગર, રહે. દંતેશ્વર જી. વડોદરા

**DATE: 09/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## અંકલેશ્વરની ઘટનામાં બે આરોપી ફરાર

# કસાઈવાડમાં પોલીસના દરોડા એક ગાય સાથે ખાટકી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના કસાઈ વાડ ખાતે માર્કેટમાં થ્રી વ્હીલ ટેમ્પોમાં ગૌવંશને કતલના ઈરાદે લાવવામાં આવી હોવાની બાતમી એ ડિવિઝન પોલીસને મળી હતી.પોલીસે 10 હજારની એક ગાય અને ટેમ્પો મળી કુલ 69 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી એક કસાઇને ઝડપી લીધો હતો જયારે બે ફરાર થઇ ગયાં હતાં. કસાઈવાડમાં રહેતો કદીર અલ્લારખા કુરેશી અને શાહિદ ઉર્ફે તાઉ રસીદ કુરેશી કસાઈ વાડા ખાતે માર્કેટમાં થ્રી વ્હીલર ટેમ્પોમાં હત્યા કરવા ગૌવંશ ભરી લાવેલાં છે તેવી બાતમી પોલીસને મળી હતી. પોલીસે સ્થળ પર દરોડો પાડતાં અતીક કુરેશી ઝડપાઇ ગયો હતો જયારે બે ફરાર થઇ ગયાં હતાં. પોલીસે ગાયને કયાંથી લાવવામાં આવી હતી સહિતની વિગતો મેળવવા માટે કવાયત હાથ ધરી છે. અંકલેશ્વર શહેરમાં ગૌવંશની કતલના બનાવો વધી રહયાં છે. અગાઉ પણ પોલીસના દરોડામાં ગૌમાંસ મળી આવવાના કિસ્સાઓ સામે આવી ચુકયાં છે ત્યારે જીવદયાપ્રેમીઓમાં પણ રોષ ફેલાયો છે.

DATE: 09/04/2025 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE-04

### માલિક પારેખ ફળિયામાં રહેતો હોવાનું સામે આવ્યું

# અંકલેશ્વરમાંથી ચોરીના મોપેડ સાથે યુવાનની અટકાયત કરાઈ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના દીવા રોડ પર ચોરી થયેલ મોપેડ સાથે એ ડિવિઝન પોલીસે એક ઈસમનીઅટક કરી હતી. એડિવિઝન પોલીસની ટીમ પેટ્રોલિંગ માં હતા તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે એક ઈસમ મોપેડ લઈ શંકાસ્પદરીતે ભરૂચી નાકા તરફ ફરી રહ્યો છે.પોલીસે દીવા રોડ પર આવેલ મંગલમૂર્તિ સોસાયટી સામે વોચ ગોઠવી હતી. દરમિયાન મોપેડ સાથે ઈસમ આવતા પોલીસે તેને રોકી પૂછપરછ કરતા તે સંતોષકારકજવાબ આપી શક્યો ન હતો. મોપેડના રજીસ્ટ્રેશન નંબર અને ચેસીસ નંબરની ગુજકોપ એપ્લીકેશનમાં તપાસ કરતાં મોપેડ પારેખ ફળિયામાં રહેતાં વિનોદ ચોકસીના નામે હોવાની વિગતો સામે આવી હતી. પોલીસે મોપેડ સવાર સંસ્કારધામમાં રહેતા ઈસમ કરણસિંહ ચૌહાણની અટકાયત કરી છે. મોપેડ તેની પાસે કેવી રીતે આવી તેની માહિતી પોલીસ મેળવી રહી છે.

**DATE: 10/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

# ખરચી ગામ પાસે કારમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે શખ્સ ઝડપાયો

ઝઘડિયા તા ૯

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝઘડિયા તાલુકાના ખરચી ગામ પાસે કારમાં લઈ જવાતાં દારૂના જથ્થા સાથે એક શખ્સને ઝડપી લઈ અન્ય બે શખ્સને વોન્ટેડ જાહેર કર્યા હતા.

# એલ.સી.બી.પોલીસે રૂ.૨.૯૩ લાખનો મુદ્દામાલ કબજે લઈ બે શખ્સને વોન્ટેડ જાહેર કર્યા

વાલિયા તાલુકાના લુણા ગામના જગદીશ ઉર્ફે જગો રવિયાભાઈ વસાવા પોતાની કારમાં દારૂ ભરી વાલિયાથી સરદારપુરા થઈ ખરચી ગામે જવાનો હોવાની બાતમીના આધારે એલ સી બી પોલીસે ખરચી ગામના મંદિર પાસે વોચ ગોઠવી હતી.તે સમયે કાર આવતા તેને રોકી તપાસ કરતા દારૂની બોટલો મળી આવી હતી.

એલસીબીની ટીમે રૂ.૪૩,૨૦૦ નો દારૂનો જથ્થો અને કાર રૂ.૨,૫૦,૦૦૦ મળી કુલ રૂ.૨,૯૩,૨૦૦ નો મુદ્દામાલ કબજે લઈ કાર સાથે હાજર મળેલા શખ્સ જગદીશ ઉર્ફે જગો રવિયાભાઈ વસાવા( રહે.ગામ લુણા તા.વાલિયા જિ.ભરૂચ) અને દારૂનો જથ્થો મંગાવનાર રણછોડ મહેન્દ્ર વસાવા (રહે.ગામ ખરચી તા.ઝઘડિયા) તથા મહેન્દ્રભાઈ વસાવા(રહે.ગામ ખરચી તા.ઝઘડિયા)ના સામે ઝઘડિયા પોલીસ મથકમાં ગુનો નોંધાવી કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 10/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-02**

# જીતાલી ગામમાં ઝાડી ઝાંખરામાં છુપાઈને જુગાર રમતા ચાર ઝડપાયા

અંકલેશ્વર તા. ૯

અંકલેશ્વર તાલુકાના જીતાલી ગામમાં ઝાડી ઝાંખરામાં ખુલ્લી જગ્યામાં પતા પાનાનો જુગાર ખેલતા ચાર જુગારીઓને તાલુકા પોલીસે રંગે હાથ ઝડપી પાડ્યા હતા જોકે બે જુગારીઓ ભાગી જવામાં સફળ નીવડ્યા હતા.

## પોલીસની રેડ પડતા જ જુગારીઓમાં નાસભાગ મચી, બે જણ ભાગવામાં સફળ થયા

અંકલેશ્વર તાલુકા પોલીસના સ્ટાફને બાતમી મળી હતી કે જીતાલી ગામે આલીશાનસીટી સોસાયટી પાસે આંબાવાડીના ઝાડ પાસે ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા છે. તેવી બાતમીના આધારે રેઈડ કરી હતી.દરમ્યાન સ્થળ ઉપરથી ચાર જુગારીઓ પતા પાનાનો જુગાર રમતા આબાદ ઝડપાય ગયા હતા. પોલીસે અંગઝડતી તેમજ દાવ ઉપરના રોકડા રૂ.૧૪૮૭૦ જપ્ત કર્યા હતા. તેમજ જુગાર ધારાની કલમ અન્વયે ચારેયની અટકાયત કરી હતી. જોકે સ્થળ ઉપરથી બે જુગારીઓ ભાગી છુટ્યા હતા.પોલીસે અવિનાશ મોહનરાય યાદવ,સુભાષ શિવચંદ યાદવ,બબલુ નરેશ મંડલ તેમજ સોહીત રાજેશ પાલને અટકમાં લીધા હતા. જયારે રાજેશ ચંન્દ્રસિંગ જોવરે તેમજ વિશાલ યાદવને વોન્ટેડ જાહેર કર્યાં હતા.

**DATE: 11/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

# ભરૂચ પોલીસે રૂા.૪૩,૨૦૦નાં વિદેશી દારૂ સાથે ખેપિયો ઝડપી પાડ્યો

ભરૂચ : ભરૂચ એલસીબી પીઆઈ એમ.પી.વાળાના માર્ગદર્શન હેઠળ પેટ્રોલીંગ દરમ્યાન પોલીસને બાતમી મળી હતી કે, વાલીયા તાલુકાના લુણા ગામનો જગદીશ ઉર્ફે જગો રવિયાભાઈ વસાવા સફેદ ઈકો કારમાં દારૂનો જથ્થો લઈને આવી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે ખરચી બસ સ્ટેન્ડ પાસે વોચ ગોઠવી હતી. કારને રોકીને તપાસ કરતા મધ્યની સીટ અને ડિક્કીમાંથી દારૂની બોટલો મળી આવી હતી. પોલીસે ૨.૫૦ લાખના કિંમતની કાર સહિત કુલ ૨.૯૩ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપી જગદીશ વસાવાની ધરપકડ કરવામાં આવી છે જયારે દારૂ મંગાવનાર રણછોડભાઈ મહેન્દ્રભાઈ વસાવાને વોન્ટેડ જાહેર કરી શોધખોળ શરૂ કરવામાં આવી છે. પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 12/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

# અંકલેશ્વરમાં દારૂના જથ્થા સાથે કુખ્યાત બુટલેગર અને મહિલા ઝડપાઈ

અંકલેશ્વર તા.૧૧

**અંકલેશ્વર જી.આઈ.ડી.સી.પોલીસે રાજપીપળા ચોકડી નજીક ક્રિષ્ટલ એવન્યુ સ્થિત ગટરના નાળા પાસેથી વિદેશી દારૂના જથ્થા સાથે કુખ્યાત બુટલેગર સહિત મહિલાને ઝડપી પાડી હતી.**

## મહિલા મહારાષ્ટ્રથી દારૂ સપ્લાય કરવા આવી હતી :પોલીસ પાસે વટાણા વેરી દીધા

અંકલેશ્વરના જીતાલી ગામની શિવાંજલી સોસાયટીમાં રહેતી મહિલા બુટલેગર સવિતા મેદની રાય રાજપીપળા ચોકડી નજીક ક્રિષ્ટલ એવન્યુ સ્થિત ગટરના નાળા પાસે વિદેશી દારૂનો જથ્થો લઈ ઉભેલ છે.એ બાતમીના આધારે ,અંકલેશ્વર જી.આઈ.ડી.સી.પોલીસે વોચ ગોઠવી હતી.જેમાં જીતાલી ગામની શિવાંજલી સોસાયટીમાં રહેતી સવિતા રાયને વિદેશી દારૂની ૪૨ નંગ બોટલ સાથે ઝડપી પાડી હતી.પોલીસે વિદેશી દારૂ અંગે મહિલાની પૂછપરછ કરતા તે વિદેશી દારૂ મહારાષ્ટ્રથી લાવી કુખ્યાત બુટલેગર ઈમરાન ઉર્ફે મરઘી દિલાવરશાહ દિવાનને આપવાની હતી.જે શખ્સ રાજપીપળા ચોકડી ખાતે જથ્થો લેવા આવનાર હોવાની કબૂલાત કરી હતી.પોલીસે રાજપીપળા ચોકડી પાસે બુટલેગરની વોચ ગોઠવી તેને પણ ઝડપી પાડી કુલ રૂ. ૨૬ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

**DATE: 12/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### યુપીના બલરામપુરના ઉતરોલા ગામમાં સંતાયેલો હતો

# અંકલે.માં ચોરીના ગુનામાં 10 વર્ષથી ફરાર નેપાળ સરહદ નજીકથી ઝબ્બે

### 4 પોલીસકર્મીઓએ 8 દિવસ સુધી વોચ ગોઠવી સફળતા મેળવી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચોરીના ગુનામાં 10 વર્ષથી નાસતા ફરતાં આરોપીને નેપાળ સરહદ નજીકથી ઉત્તરપ્રદેશના એક ગામમાંથી ઝડપી લેવામાં આવ્યો છે. ભરૂચ પોલીસની પેરોલ ફર્લો સ્કવોડની ટીમે ભરૂચથી 1600 કિમી દૂર આવેલાં ઉતરોલા ગામમાંથી આરોપીને દબોચી લીધો છે. આ ગામથી નેપાળની સરહદથી માત્ર 18 કિમીના અંતરે આવેલી છે.

પોલીસની ટીમના 4 જવાનોએ આ વિસ્તારમાં 8 દિવસ સુધી વોચ ગોઠવી હતી. આરોપી જયાં છુપાયો હતો તે ગામની ભૌગોલિક સ્થિતિને જોતાં આરોપીને પકડવો મુશ્કેલ હોવાથી 8 દિવસ સુધી જવાનોએ સતત વોચ ગોઠવી હતી. ગામમાં છુપાયેલો આરોપી બજારમાં ખરીદી કરવા માટે આવતાં જ તેને દબોચી લેવાયો હતો. પોલીસની ટીમે 3,200 કીમીની મુસાફરી કરી હતી. આરોપી અલ્તાફખાન બાદશાહખાન પઠાણ અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચોરીના કેસમાં વોન્ટેડ હતો. પીઆઈ એ.કે.જાડેજાના માર્ગદર્શન હેઠળ પેરોલ ફર્લો સ્કોડની ટીમે આરોપીની શોધખોળ શરૂ કરી. ટીમે ઉત્તર પ્રદેશમાં જઈને તપાસ કરી. ખાનગી બાતમીદારો, માનવ સ્રોત અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી આરોપીની માહિતી મેળવી હતી. આ પછી ટીમે ઉત્તર પ્રદેશના બલરામપુર જિલ્લાના ઉતરોલા ગામમાંથી આરોપીની ધરપકડ કરી. પકડાયેલા આરોપીને ભરૂચ લાવવામાં આવ્યો છે. તેને અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ સ્ટેશનને સોંપી દેવામાં આવ્યો છે. આ કામગીરી એ.એસ. આઈ. અજયભાઈ અશોકભાઈ, અહેકો. મગનભાઈ દોલાભાઈ, હેકો. રાકેશભાઈ રામજીભાઈ તથા અપ.કો. પિન્ટુસિંહ ગટુરસિંહ તથા પેરોલ ફર્લો સ્કોર્ડની ટીમ દ્વારા કરવામા આવી હતી.




1600 કિમી દૂર આવેલાં ઉતરોલા ગામમાંથી આરોપીને દબોચી લીધો

## બાતમી મળતા ટીમ મોકલવામાં આવી હતી

પેરોલ ફર્લો સ્કોડની અલગ અલગ ટીમો બનાવી નાસતા ફરતા આરોપીઓને શોધી તેમને પકડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.આ દરમિયાન અમારી ટીમને હ્યુમન સોર્સ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે માહિતી મળતા જ એક ટીમને તાત્કાલિક ઉત્તરપ્રદેશ રવાના કરાઈ હતી.તે ટીમના જવાનોએ સતત એક અઠવાડીયા સુધી ત્યાં તૈનાત રહીને દસ વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી ભરૂચ લાવ્યા હતા.» **અનીતાબા** જાડેજા,પીઆઈ,ભરૂચ

**DATE: 12/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

# ભરૂચમાં હનુમાન જયંતી પહેલાં પોલીસની ફ્લેગમાર્ચ



ભરૂચ શહેરમાં આવતી કાલે ભગવાન શ્રી હનુમાનજીની જન્મજયંતિ ઊજવવામાં આવનાર છે. આ પાવન અવસરે શહેરના અનેક હનુમાન મંદિરોમાં ધાર્મિક કાર્યક્રમો, પૂજા પાઠ, વિશેષ યજ્ઞ અને સંકીર્તન જેવા ઉત્સવોનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉત્સવો દરમિયાન ભક્તોની ભીડ ઉમટી પડશે એ સંભવિતતાને ધ્યાને લઈને ભરૂચ શહેર પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા હાથ ધરવામાં આવી છે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ભરૂચ એ- ડિવિઝન પોલીસ મથક વિસ્તારમાં પીઆઈ વી.યુ. ગડરિયાની આગેવાનીમાં શહેરના વિવિધ વિસ્તારોમાં ફ્લેગ માર્ચ યોજાઈ હતી.

**DATE: 13/04/2025 CATEGORY:GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

ભાસ્કર વિશેષ | દર્દીઓ પણ સુરક્ષા અને સલામતીનો અનુભવ કરી શકે તે માટે નવતર અભિગમ

# પોલીસે સેવાયજ્ઞ સમિતિના દર્દીઓની મુલાકાત લીધી

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ પોલીસનો માનવતાવાદી અભિગમ જોવા મળ્યો હતો. સિવિલ હોસ્પિટલમાં કાર્યરત સેવાયજ્ઞ સમિતિમાં સારવાર લઈ રહેલા નિરાધાર દર્દીઓની પોલીસની ટીમે મુલાકાત લઈ તેઓને આઈસ્ક્રીમનું વિતરણ કર્યું હતું

ભરૂચ પોલીસ એક તરફ અસામાજિક તત્વો સામે કડક હાથે કામ લઈ રહી છે તો બીજી તરફ પોલીસનું માનવતાવાદી વલણ જોવા મળ્યું હતું. વાત એમ છે ભરૂચ સિવિલ હોસ્પિટલમાં કાર્યરત સેવા યજ્ઞ સમિતિમાં નિરાધાર દર્દીઓની સારવાર કરવામાં આવે છે. છેલ્લા 25 વર્ષથી આ સેવા યજ્ઞ ચાલી રહ્યો છે ત્યારે ભરૂચ શહેર બી ડિવિઝન પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર વી.એચ. વણઝારા અને તેમની ટીમે આવા નિરાધાર દર્દીઓની મુલાકાત લીધી હતી અને તેમની સાથે વાતચીત કરી હતી.આ સાથે જ કાળઝાળ ગરમીમાં દર્દીઓને આઈસ્ક્રીમનું પણ વિતરણ કર્યું હતું. દર્દીઓ પણ સુરક્ષા અને સલામતીનો અનુભવ કરી શકે તે હેતુસર ભરૂચ પોલીસ દ્વારા આ નવતર અભિગમ હાથ ધરવામાં આવ્યો હતો. એક તરફ પોલીસની કઠણ છબી હોય ત્યારે સિક્કાની બીજી બાજુ પોલીસના આ માનવતા અભિગમની ઠેર ઠેર સરાહના થઈ રહી છે.



ભરૂચ પોલીસે સેવાયજ્ઞ સમિતિમાં સારવાર લઈ રહેલા નિરાધાર દર્દીઓની મુલાકાત લીધી

**DATE: 13/04/2025 CATEGORY:GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

# અંકલેશ્વરના પ્રોહિબિશન ગુનામાં બે વર્ષથી ફરાર આરોપીને ઝડપાયો

અંકલેશ્વર તા. ૧૨

અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ મથકે બે વર્ષ અગાઉ નોંધાયેલ પ્રોહીબીશન એક્ટ અંતર્ગત નોંધાયેલા ગુનામાં વોન્ટેડ બુટલેગર ઝડપાય જવા પામ્યો હતો.

અંકલેશ્વર શહેર બી ડિવીઝન પોલીસ મથકના ગુનાના કામે નાસતો ફરતો આરોપી સંજય ઉર્ફે સંજુ દાઢી સુરતથી નિકળી હાંસોટ થઈ અંકલેશ્વર તરફ આવનાર છે જેવી બાતમીના આધારે સર્વલન્સ સ્ટાફ ભરૂચીનાકા પાસે વોચમાં હતો દરમ્યાન આરોપી હાંસોટ રોડ બાજુથી આવતો હોય તેને કોર્ડન કરી ઝડપી પાડ્યો હતો.પોલીસે સુરતના લીંબાયત વિસ્તારમાં રહેતો સંજય ઉર્ફે સંજુ દાઢી ભીમરાઉં અર્જુન ચવ્હાણે અટક કરી કાર્યવાહી હાથ ધરી હતી.